सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૨ | ૦૭ | ૨૦૨૪ |
| નોંધ્યા તારીખ | ૧૨ | ૦૭ | ૨૦૨૪ |
| ફેંસલ તારીખ | ૨૪ | ૦૩ | ૨૦૨૬ |
| | વર્ષ | માસ | દિવસ |
| સમયગાળો | ૦૧ | ૦૮ | ૧૨ |

**મે. ચોથા એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં**

**ગાંધીધામ–કચ્છ.**

**સ્પે.પોકસો કેસ નં.૧૭/૨૦૨૪**

**આંક :**

ફરિયાદી : – **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

આરોપી : – **અજય ઉર્ફે વીર વેલજીભાઈ કુફલ (મહેશ્વરી)**

ઉ.વ. ૧૯, ધંધો: મજુરી,

રહે. જગજીવન નગર, (રામદેવ નગર),

મ.નં.૪૮, ગાંધીધામ.

---

**ગુનો :– ભારતીય દંડ સહિતાની કલમ–૩૭૬(૨)(એન)૩૭૬(૩) પોકસો એકટની કલમ–૪,૬ મુજબ...**

---

ફરિયાદ પક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી.શ્રી એસ.જી.રાણા

આરોપી તર્ફે વિધ્વાન વકીલ શ્રી આર.ટી.લાલચંદાણી

---------------------------------------

**-: ઠ રા વ :-**

(૧) આ કામે ચુકાદો શરૂ કરતા પહેલા એ નોંધવું જરૂરી છે કે, હાલનો કેસ ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફોર્મ સેકસયુઅલ ઓફેન્સ એકટ ૨૦૧૨ (પોકસો એકટ) હેઠળનો છે. પોકસો એકટની કલમ-૩૩(૭) તથા નામ. સુપ્રીમ કોર્ટના નિપુન સકસેના વિરુધ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા ૨૦૧૯ (૨) એસસીસી ૭૦૩ ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ સમગ્ર તપાસ અને ટ્રાયલ દરમ્યાન બાળકની ઓળખ જાહેર ન થાય તે બાબતે કાળજી લેવા માટે નામ. સુપ્રીમ કોર્ટે સદર ચુકાદામાં ઠરાવેલ છે. હાલના સમગ્ર ચુકાદામાં ભોગ બનનારનું નામ કયાંય પણ લખવામાં આવેલ નથી અને બાળકના નામના સ્થળે ''ભોગ બનનાર'' નો ઉલ્લેખ કરવામાં આવેલો છે.

(૧.૧) **ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત.**

ફરિયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧-૧૨-૨૨ ના રોજ કલાક ૦૦.૦૦ થી તા.૨-૩-૨૪ ના રોજ કલાક ૦૦.૦૦ વાગ્યાના સમયગાળા સુધીમાં આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ઉ.વ.૧૬ વર્ષ ૧૦ માસ વાળીને શરીર સબંધ બાંધવા નહીં દે તો તમારા નામનું ખોટું સ્યુસાઈડ નોટ લખીને તમને ફસાવી દઈશ તેવી ધમકી આપી, ભોગ બનનારને પોતાના ઘરે બોલાવી તેણીની મરજી વિરુધ્ધ અવારનવાર શરીર સબંધ બાંધી, બળાત્કાર કરી ગુનો કરેલ. જે સંબંધે આ કામના ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ ગાંધીધામ ''બી'' ડીવી.પો.સ્ટે.ફ.ગુ.ર. નં.૧૧૯૯૩૦૦૭૨૪૦૬૫૭/૨૪ થી ફરિયાદ નોંધાવેલી.

## (૨) તપાસ અન્વેષણ તથા ચાર્જશીટ.

ફરિયાદની અન્વેષણની કાર્યવાહી દરમ્યાન તપાસ કરનારશ્રી દ્વારા બનાવવાળી જગ્યાનું પંચનામું, ભોગ બનનારના કપડા કબજે કર્યાનું પંચનામું, આરોપીની અટક તથા કપડા કબજે કર્યાનું પંચનામું, ભોગ બનનાર તથા આરોપીના મેડીકલ સેમ્પલ કબજે કર્યાનું પંચનામું કરવામાં આવેલ, ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ, એફ.એસ.એલ. નો મુદામાલ પરીક્ષણ અહેવાલ તપાસના કામે મેળવી સામેલ રાખેલ અને પોલીસ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો અને યોગ્ય પુરાવો હોય, તપાસ કરનાર અમલદારશ્રીએ સ્પે.જજ પોકસો કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ. આરોપીને સમન્સ બજતા તેઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતા આરોપીને પોલીસ તપાસના કાગળો મળ્યા અંગેની ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ–૨૦૭ મુજબ ખાત્રી કરવામાં આવેલી, વિનામૂલ્યે પોલીસ તપાસના કાગળો આપવામાં આવેલ.

## (૩) તહોમત તથા પ્લી.

આરોપીને પોલીસ તપાસના કાગળો અને નકલો મળ્યા અંગેની ખાત્રી કર્યા બાદ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૨૭(૧) અન્વયે આંક–૧૯ થી તહોમતનામું ઘડી આરોપીને વાંચી સંભળાવ્યા બાદ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૨૮(૨) મુજબ આંક–૨૦ થી આરોપીનું નિવેદન નોંધતા આરોપીએ પોતાની સામેના આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

## (૪) ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા.

ફરિયાદપક્ષ તર્ફે આરોપી સામેના આક્ષેપો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

## –:: મૌખિક પુરાવો ::–

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૨ | પંચ સાહેદ નરેન્દ્ર શંકરલાલ ચંદેની જુબાની |
| ૨ | ૩૫ | પંચ સાહેદ તીર્થ દીનેશકુમાર અંતાણીની જુબાની |
| ૩ | ૪૬ | ફરીયાદી કંચનબેન રમેશનાથ સારસ્વત (બ્રાહમણ) ની જુબાની |
| ૪ | ૫૪ | ભોગ બનનારની જુબાની |
| ૫ | ૬૫ | સાહેદ ડો. મોનીકા અર્જુનભાઈ વાઘેલાની જુબાની |
| ૬ | ૬૯ | પી.એસ.ઓ. તનેરાજસિંહ નાગજી ચૌહાણની જુબાની |
| ૭ | ૭૩ | ત.ક.અ. મોહનભાઈ દેવશીભાઈ ચૌધરીની જુબાની |

## –:: દસ્તાવેજી પુરાવો ::–

| અનુ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૨૩ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૨૪ | ભોગ બનનારના કપડા કબજે કર્યાનું પંચનામું |
| ૩ | ૨૫ | આરોપીનું અટક તથા કપડા કબજે કર્યાનું પંચનામું |
| ૪ | ૨૬ | મુદામાલ કાપલી (ભોગ બનનારના કપડા) |
| ૫ | ૨૭ | મુદામાલ કાપલી (ભોગ બનનારના કપડા) |
| ૬ | ૨૮ | મુદામાલ કાપલી (ભોગ બનનારના કપડા) |
| ૭ | ૨૯ | મુદામાલ કાપલી (આરોપીના કપડા) |
| ૮ | ૩૦ | મુદામાલ કાપલી (આરોપીના કપડા) |
| ૯ | ૩૬ | બે સરકારી કર્મચારીઓને પંચ તરીકે ફાળવણી કરવા અંગેની યાદી |
| ૧૦ | ૩૭ | ભોગ બનનાર અને આરોપીના મેડીકલ સેમ્પલ કબજે કર્યાનું પંચનામું |
| ૧૧ | ૪૭ | ફરીયાદ |
| ૧૨ | ૪૮ | સંમતિપત્રક |

| | | |
|---|---|---|
| ૧૩ | ૫૫ | ભોગ બનનારનું કલમ–૧૬૪ નું નીવેદન |
| ૧૪ | ૫૬ | ભોગ બનનારનું કલમ–૧૬૪ નું નીવેદન મોકલ્યા અંગેની લેટર |
| ૧૫ | ૫૭ અને ૫૮ | ભોગ બનનારનું નીવેદન મોકલ્યા અંગેના કવર |
| ૧૬ | ૫૯ | ડ્રીમ પીકચર્સ ફોટો એન્ડ વીડીયોગ્રાફીનું સર્ટીફીકેટ |
| ૧૭ | ૬૦ | સંમતિપત્રક |
| ૧૮ | ૬૬ | ભોગ બનનારનો મેડીકલ રીપોર્ટ |
| ૧૯ | ૭૦ | ગુનો રજી. થવાની યાદી |
| ૨૦ | ૭૪ | ગુનો રજી. કરવા બાબતની યાદી |
| ૨૧ | ૭૫ અને ૭૬ | સરકારી પંચ ફાળવવા કરેલ યાદી |
| ૨૨ | ૭૭ | ભોગ બનનારની મેડીકલ તપાસ કરવા તથા સેમ્પલો લેવા રામબાગ હોસ્પિટલને કરેલ યાદી |
| ૨૩ | ૭૮ | ભોગ બનનારનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૨૪ | ૭૯ | ભોગ બનનારની મેડીકલ તપાસ કરવા તથા સેમ્પલો લેવા જી.કે.જનરલ હોસ્પિટલને કરેલ યાદી |
| ૨૫ | ૮૦ | ભોગ બનનારનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૨૬ | ૮૧ | આરોપીની મેડીકલ તપાસ કરવા તથા સેમ્પલો લેવા રામબાગ હોસ્પિટલને કરેલ યાદી |
| ૨૭ | ૮૨ | આરોપીનું સંમતિપત્રક |
| ૨૮ | ૮૩ | આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૨૯ | ૮૪ અને ૮૫ | ભોગ બનનાર અને આરોપીના મોબાઈલ સીડીઆર મેળવવા ભરેલ ફોર્મ |
| ૩૦ | ૮૬ | મુદામાલ રવાનગી પત્રક તથા સતા અંગેનું પ્રમાણપત્ર |
| ૩૧ | ૮૭ | મુદામાલ મળ્યા અંગેની પહોંચ |

| | | |
|---|---|---|
| ૩૨ | ૮૮ | ભોગ બનનારનું કલમ–૧૬૪ મુજબનું નીવેદન લેવા નામ.કોર્ટને કરેલ યાદી |
| ૩૩ | ૮૯ | ભોગ બનનારને કલમ–૧૬૪ નું નીવેદન લેવા હાજર રખાવવા નામ.કોર્ટે કરેલ યાદી |
| ૩૪ | ૯૦ | ભોગ બનનારનું કલમ–૧૬૪ નું નીવેદન લેવા જરૂરી આધાર પુરાવા સાથે મોકલી આપ્યા અંગે નામ.કોર્ટને કરેલ યાદી |
| ૩૫ | ૯૨ | મુદામાલ પરીક્ષણ અહેવાલ |

ફરિયાદપક્ષ તર્ફે ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ થયા બાદ સરકાર તર્ફે વકીલશ્રી એ.પી.પી.શ્રી એસ.જી.રાણા નાઓએ આંક–૯૩ થી કલોજિંગ  પુરસીસ રજૂ કરી ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયાની જાહેર કરવામાં આવેલ.

(૫) **આરોપીનું વધારાનું નિવેદન.**

ફરિયાદપક્ષ તર્ફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ થયા બાદ સરકાર તર્ફે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કર્યા બાદ, આરોપીનું ક્રિમિનલ પ્રોસિજર કોડની  કલમ–૩૧૩ અન્વયે વધારાનું નિવેદન નોંધવામાં આવેલ જેમાં તેઓએ મુખ્યત્વે પોતાની સામેના પુરાવાનો ઈન્કાર કરેલ અને વધુમાં જણાવેલ કે, તેઓને સોગંદ ઉપર જુબાની આપવી નથી કે બચાવના સાહેદો તપાસવા નથી અને વિશેષમાં જણાવેલ કે, તેઓ નિર્દોષ છે અને તેઓએ કોઈ ગુનો કરેલ નથી, જેથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

## (૬) સરકાર તર્ફે વિ.એ.પી.પી.શ્રીની દલીલો.

સરકાર તર્ફે વિધ્વાન એ.પી.પી.શ્રી એસ.જી.રાણા નાઓએ દલીલ કરતાં જણાવેલ છે કે, ફરીયાદીએ પોતાની ફરીયાદ હકીકતને સમર્થન પુરુ પાડેલ છે. ફરીયાદીની ઉલટતપાસમાં પણ ફરીયાદ વિરુધ્ધની કોઈ હકીકત પુરવાર થઈ શકેલ નથી. ફરીયાદપક્ષ તરફે આંક-૫૪ થી ભોગ બનનારને તપાસેલા છે. ભોગ બનનારે બનાવની હકીકતને સમર્થન આપેલ છે. ઉપરોકત તમામ સાહેદોની સોગંદ ઉપરની જુબાની તથા રજુ દસ્તાવેજી પુરાવા ઉપરથી ભોગ બનનાર બનાવ સમયે સગીર વયની હોવાનું પુરવાર થાય છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે આંક-૨૨ થી પંચ સાહેદ નરેન્દ્ર શંકરલાલ ચંદેને તપાસેલા છે. સદર પંચ સાહેદ આંક-૨૩ ના બનાવવાળી જગ્યાના પંચનામાના, આંક-૨૪ ના ભોગ બનનારના કપડા કબજે કર્યાના પંચનામાના તથા આંક-૨૫ ના આરોપીના અટક તથા કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. સદર સાહેદે પંચનામાની હકીકતને સમર્થન પુરુ પાડેલ છે અને પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે આંક-૩૫ થી પંચ સાહેદ તીર્થ દીનેશકુમાર અંતાણીને તપાસેલા છે. સદર પંચ સાહેદ આંક-૩૭ ના ભોગ બનનાર અને આરોપીના મેડીકલ સેમ્પલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. સદર સાહેદે પંચનામાની હકીકતને સમર્થન પુરુ પાડેલ છે અને પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે આંક-૬૫ ભોગ બનનારની મેડીકલ તપાસણી કરનાર ડોકટરશ્રી મોનીકા અર્જુનભાઈ વાઘેલાને તપાસેલા છે. ભોગ બનનારનું મેડીકલ સર્ટીફીકેટ આંક-૬૬ થી રજુ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે ત.ક.અ. મોહનભાઈ દેવશીભાઈ

ચૌધરીને આંક–૭૩ થી તપાસેલા છે. ફરીયાદપક્ષ તરફે મુદામાલ પરીક્ષણ અહેવાલ આંક–૯૨ થી રજુ છે. પ્રોસીકયુશન તરફે રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવા આંકે પડેલ છે. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા કેસ પુરવાર થયેલ છે. આરોપી વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૩૭૬(૨)(એન)૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ–૪,૬ મુજબનો ગુનો પુરવાર થાય છે. જેથી, આરોપીને સખતમાં સખત સજા કરવા અરજ ગુજારેલ છે.

## (૭) **આરોપી તર્ફે વિ.વ.શ્રીની દલીલ.**

આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી આર.ટી.લાલચંદાણી નાઓએ દલીલો કરતા જણાવેલ કે, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ફરીયાદી તેમજ ભોગ બનનારની જુબાની ઉપરથી ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરી શકેલ નથી. ફરીયાદપક્ષ તરફે ફરીયાદીને આંક–૪૬ થી તપાસવામાં આવેલ છે. સદર કામે ફરીયાદ આંક–૪૭ થી રજુ છે. ફરીયાદપક્ષ તરફે આંક–૫૪ થી ભોગ બનનારને તપાસવામાં આવેલ છે. ભોગ બનનારે જાતે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી અને તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલા છે. સદર સાહેદોની સોગંદ ઉપરની જુબાની ઉપરથી આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર થતો નથી. ભોગ બનનારે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીએ ભોગ બનનારને સ્યુસાઈડ નોટ લખી ખોટા કેસોમાં ફસાવી દેવાની ધમકી આપી અવારનવાર શરીર સબંધ બાંધેલ હોય તેવી કોઈ હકીકત સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ નથી. ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદોના પુરાવાથી આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર થતો નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે આંક–૨૨ થી બનાવવાળી જગ્યાના પંચનામાના, ભોગ બનનારના કપડા કબજે કર્યાના પંચનામાના

તથા આરોપીના અટક તથા કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ નરેન્દ્ર શંકરલાલ ચંદેનેને તપાસવામાં આવેલ છે. બનાવવાળી જગ્યાનું પંચનામું આંક–૨૩ થી, ભોગ બનનારના કપડા કબજે કર્યાનું પંચનામું આંક–૨૪ થી તથા આરોપીના અટક તથા કપડા કબજે કર્યાનું પંચનામું આંક–૨૫ થી રજુ છે. ફરીયાદપક્ષ તરફે આંક–૩૫ થી ભોગ બનનાર અને આરોપીના મેડીકલ સેમ્પલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ તીર્થ અંતાણીને તપાસવામાં આવેલ છે. ભોગ બનનાર અને આરોપીના મેડીકલ સેમ્પલ કબજે કર્યાનું પંચનામું આંક–૩૭ થી રજુ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે આંક–૬૫ ભોગ બનનારની મેડીકલ તપાસણી કરનાર ડોકટરશ્રી મોનીકા વાઘેલાને તપાસેલા છે. ભોગ બનનારનું મેડીકલ સર્ટીફીકેટ આંક–૬૬ થી રજુ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે ભોગ બનનાર અને આરોપીની મેડીકલ તપાસણી કરી સેમ્પલ લેનાર ડોકટર સાહેદને તપાસેલા નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે આંક–૭૩ થી ત.ક.અ. મોહનભાઈ દેવશીભાઈ ચૌધરીને તપાસેલા છે. સદર સાહેદે આરોપી વિરુધ્ધ ચાર્જશીટ દાખલ કરેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે ભોગ બનનાર સગીર વયની હતી તે બાબતે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આમ, ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોવાથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

## (૮) **નિર્ણય માટેના મુદ્દાઓ.**

ઉપરોકત હકીકતોએ આ કેસના મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## –:: <u>મુદ્દાઓ</u> ::–

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ કે જે તા.૧–૧૨–૨૨ ના રોજ કલાક ૦૦.૦૦ થી તા.૨–૩–૨૪ ના રોજ કલાક ૦૦.૦૦ વાગ્યાના સમયગાળા સુધીમાં બનેલ તે વખતે ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હતી ?

(૨) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧–૧૨–૨૨ ના રોજ કલાક ૦૦.૦૦ થી તા.૨–૩–૨૪ ના રોજ કલાક ૦૦.૦૦ વાગ્યાના સમયગાળા સુધીમાં આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ઉ.વ.૧૬ વર્ષ ૧૦ માસ વાળીને શરીર સબંધ બાંધવા નહીં દે તો તમારા નામનું ખોટું સ્યુસાઈડ નોટ લખીને તમને ફસાવી દઈશ તેવી ધમકી આપી, ભોગ બનનારને પોતાના ઘરે બોલાવી તેણીની મરજી વિરુધ્ધ અવારનવાર શરીર સબંધ બાંધી, બળાત્કાર કરી, ઈ.પી.કોડ કલમ–૩૭૬(૨)(એન),૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ–૪,૬ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલો છે ?

(૩) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક.

(૨) નકારાત્મક.

(૩) આખરી હુકમ મુજબ.

## <u>–:: કારણો ::–</u>

**પુરાવાકીય મૂલ્યાંકન :–**

**<u>મુદા નં.૧:–</u>**

(૧૦) ભોગ બનનારની જન્મ તારીખ ફરીયાદપક્ષના કેસ પ્રમાણે બનાવ વખતે ૧૬ વર્ષ ૧૦ માસની હતી તેવું જાહેર થયેલ અને ખરેખર ભોગ બનનારની ઉંમર તે વખતે ૧૬ વર્ષ ૧૦ માસની હતી એટલે કે ૧૮ વર્ષથી નીચે હતી કે કેમ તે ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાથી પુરવાર થાય છે કે કેમ તે જોવાનું રહે છે. ભોગ બનનારની જન્મ તારીખ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે ફરીયાદી કંચનબેન રમેશનાથ સારસ્વત (બ્રાહમણ) ને આંક–૪૬ થી તપાસેલા છે. તેમનો પુરાવો ધ્યાને લઈએ તો, ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ભોગ બનનારની જન્મ તા.૧૭–૭–૨૦૦૭ હોવાનું જણાવેલ છે. તેમજ આંક–૪૭ થી રજુ થયેલ અસલ ફરીયાદમાં ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષ ૧૦ માસની અને જન્મ તા.૧૭–૭–૨૦૦૭ ની હોવાનું જણાવેલ છે. આરોપીપક્ષ તરફે ભોગ બનનારની ઉંમર બાબતે ફરીયાદીની કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૦.૧) તે જ રીતે ભોગ બનનારે પોતાની આંક–૫૪ ની સોગંદ ઉપરની જુબાનીમાં તેમની જન્મ તારીખ કે ઉંમર બાબતે કોઈ હકીકત જણાવેલી નથી. આરોપીપક્ષ તરફે ભોગ બનનારની ઉંમર બાબતે સાહેદની કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૦.૨) ફરીયાદપક્ષ તરફે આંક–૭૩ થી તપાસવામાં આવેલ ત.ક.અ. મોહનભાઈ દેવશીભાઈ ચૌધરી નાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ભોગ બનનાર ઉંમર બાબતે કોઈ હકીકત જણાવેલી નથી. આરોપીપક્ષ તરફે ભોગ બનનારની ઉંમર બાબતે સાહેદની કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૦.૩) મુદ્દા નં.૧ અન્વયે જોવામાં આવે તો ભોગ બનનાર બનાવ વખતે સગીર વયની હતી કે કેમ? તે હકીકત આ કામે મહત્વનો પ્રશ્ન બની જાય છે અને તે હકીકત પ્રથમ નકકી કરવી જરૂરી બની જતી હોય આ કામે જાતિય ગુનાઓ વિરૂધ્ધ બાળકોની સુરક્ષાના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૨ (ડી) ની જોગવાઈ ધ્યાને લઈએ તો બાળક એટલે એવી કોઈપણ વ્યકિત કે જેને ૧૮ વર્ષ પુરા કર્યા નથી તે બાળકની વ્યાખ્યામાં આવી જશે, તેવી જોગવાઈ કરેલી છે.

(૧૦.૪) બાળકોની સુરક્ષાના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૩૪(૨) ની જોગવાઈ ધ્યાને લઈએ તો વિશેષ અદાલત સમક્ષ ચાલતી કોઈપણ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન જો આવો કોઈપણ પ્રશ્ન થાય કે શું વ્યકિત બાળક છે? તો ત્યાં વિશેષ અદાલત ધ્વારા સ્વયં સંતુષ્ટી થયા બાદ આવી વ્યકિતની ઉંમર સંબંધેનો પ્રશ્ન નિર્ધારીત કરી આવા નિર્ધારીત કારણોની લેખીતમાં નોંધ કરી શકશે.

(૧૦.૫) આમ, ઉપરોકત જોગવાઈઓને ધ્યાને લેતા, ભોગ બનનાર બાળક છે કે કેમ? તે નકકી કરવા માટે બાળકની ઉંમર અંગેનો પુરાવો એ ખુબ જ મહત્વનો બની જાય છે. આ બાબતે કલમ–૩૪ ની સાથે–સાથે જયુવેનાઈલ જસ્ટીસ એકટ–૨૦૧૫ ની કલમ–૯૪ ની જોગવાઈ પણ મહત્વની બની જાય છે અને કલમ–૯૪ ની જોગવાઈ મુજબ બાળકની ઉંમર નકકી કરવા માટેના મહત્વના દસ્તાવેજ તરીકે નીચે મુજબના દસ્તાવેજો ધ્યાને લેવાનું પ્રસ્થાપિત કરવામાં આવેલ છે, જેમાં, બર્થ સર્ટીફિકેટ કે જે સ્કુલ ધ્વારા આપવામાં આવેલ હોય અથવા તો એસ.એસ.સી. કે તેની સમક્ષ પરીક્ષાનું સર્ટીફિકેટ કે જે તે રાજયની પરીક્ષા બોર્ડ ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હોય અથવા તેની ગેરહાજરીમાં બર્થ સર્ટીફિકેટ

એટલે કે જન્મનું  પ્રમાણપત્ર કે જે કોર્પોરેશન, મ્યુનિસિપાલીટી અથવા તો પંચાયત ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હોય અને જો ઉપરોકત બન્ને દસ્તાવેજો મળી આવતા ના હોય ત્યારે ભોગ બનનાર બાળકના ઓસીફિકેશન ટેસ્ટ ધ્વારા તેની ઉંમર નકકી કરવાની રહે છે.

હવે નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે પણ ધ્યાને લેવા જરૂરી છે. જેમાં સર્વ પ્રથમ નામદાર સુપ્રીમ કોર્ટે **૨૦૧૩ (૭) એસ.સી.સી. ૨૬૩ જરનેલસીંઘ વિરુધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા**ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ '' કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર અથવા બાળકની ઉંમર સબંધે તકરાર ઉપસ્થિત થાય ત્યારે બાળકોની સુરક્ષા અધિનિયમ ૨૦૦૦ ની કલમ–૧૨ માં અનુસરવાની પ્રક્રિયા અનુસરી (૧) મેટ્રીકયુલેશન અથવા તના સમકક્ષ પ્રમાણપત્ર (૨) જે શાળામાં અભ્યાસ કર્યો હોય તેનું જન્મ તારીખનું પ્રમાણપત્ર અથવા (૩) કોર્પોરેશન અથવા મ્યુનીસીપાલીટી ઓથોરીટી અથવા પંચાયત ઓથોરીટી દવારા આપવામાં આવેલ જન્મનું પ્રમાણપત્ર. આ ત્રણેયની ગેરહાજરીમાં મેડીકલ બોર્ડ તબીબી અભિપ્રાય આપશે અને તે તબીબી અભિપ્રાય એક વર્ષની અંદર ધ્યાનમાં લઈને લાભ આપી શકાશે. વધુમાં નામ.સુપ્રીમ કોર્ટે સદર ચુકાદામાં ઠરાવેલ છે કે આ નિયમ–૧૨ ફકત કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકની ઉંમર નકકી કરવા માટે જ લાગુ પડે છે તેમ છતા પોકસો એકટ અનુસાર કોઈ ગુનાના ભોગ બનેલા બાળક માટે પણ આ નિયમ લાગુ પાડી શકાશે.''

ત્યારબાદ નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના તાજેતરનો ચુકાદો **૨૦૨૩ (૦) એ.આઈ.જે.ઈ.એલ.–એસસી ૭૧૨૧૦ સુપ્રીમ કોર્ટ, ક્રિમીનલ અપીલ નં.૧૮૯૮/૨૦૨૩ પી. યુવાપ્રકાશ વિરુધ્ધ મારફતે પોલીસ ઈન્સ્પટેકટર**ના ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ પણ ''

બાળકના રક્ષણ અધિનીયમની કલમ–૩૪(૧) તથા જયુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૯૪ મુજબ જયારે મેડીકલ બોર્ડ પાસે ઉંમરના નિર્ધારણ માટે કોઈ બાળકની અથવા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને રજુ કરવામાં આવે છે ત્યારે સેકશન–૧૪ અથવા ૩૬ મુજબ જેતે કિસ્સામાં ઈન્કવાયરી કરી રીપોર્ટ કરવાનો રહેશે તેમજ કમિટીએ (૧) જન્મનું પ્રમાણપત્ર અથવા મેટ્રીકયુલેશન સર્ટીફીકેટ (૨) બર્થ સર્ટીફીકેટ કે જે કોર્પોરેશન, મ્યુનીસીપાલીટી ઓથોરીટી અથવા પંચાયત દવારા આપવામાં આવેલું હોય અને (૩) જો ઉપરોકત બન્ને ઉપલબ્ધ ન હોય તો ઓસીફીકેશન ટેસ્ટ કરી મેડીકલ બોર્ડે ઉંમરની ખરાઈ કરવાની રહેશે.''

આમ, ઉપરોકત ચુકાદાના સિધ્ધાંતો તેમજ જયુવેનાઈલ જસ્ટીસ કેર એન્ડ પ્રોટેકશન એકટ–૨૦૧૫ ની કલમ–૯૪ ની જોગવાઈ ઘ્યાને લેતા ભોગ બનનાર બાળક છે કે કેમ? તે નકકી કરવા માટે પ્રથમ ભોગ બનનારનું સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા તો પરીક્ષા બોર્ડ ઘ્વારા આપવામાં આવેલ સર્ટીફિકેટ અને તે ના હોય તો તેનું જન્મનું પ્રમાણપત્ર કે જે પંચાયત, નગરપાલિકા કે મહા નગરપાલિકા ઘ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હોય અને તે ના હોય તો ઓસીફિકેશન ટેસ્ટ હાથ ધરી તેની ઉંમર નકકી કરવાનું ઠરાવવામાં આવેલ છે.

(૧૦.૬) આમ, ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર તેમજ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતા તેમજ ઉપરોકત કાયદાકીય જોગવાઈ અને નામ. સુપ્રીમ કોર્ટના બન્ને ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતો ઘ્યાને લેતા, સદર કામે રજુ થયેલ પુરાવો ઘ્યાને લઈએ તો ફરીયાદીએ પોતાની આંક–૪૬ ની સોગંદ ઉપરની જુબાનીમાં ભોગ બનનારની જન્મ તા.૧૭–૭–૨૦૦૭ હોવાનું જણાવેલ છે. જયારે ભોગ

બનનારે પોતાની આંક–૫૪ ની સોગંદ ઉપરની જુબાનીમાં પોતાની ઉંમર બાબતે કોઈ હકીકત જણાવેલી નથી. વધુમાં ફરીયાદપક્ષ તરફે ભોગ બનનારની ઉંમર બાબતે કોઈ દસ્તાવેજી આધાર રજુ કરેલ નથી કે તે સંદર્ભે કોઈ સાહેદોને તપાસેલા નથી. ફરીયાદપક્ષ તરફે ભોગ બનનારની ઉંમર પુરવાર કરવા માટે કોઈ દસ્તાવેજી આધારો રજુ કરવામાં આવેલ નથી કે તે સંદર્ભે જન્મ નોંધણી અધિકારીને તપાસવામાં આવેલ નથી.

હવે, ઉપરોકત રેકર્ડ ઉપરના પુરાવાનું નામ.વડી અદાલતના ઉપરોકત બન્ને ચુકાદાઓ તથા જયુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૯૪(૨) તથા પોકસો એકટની કલમ–૩૪ સાથે પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો, સદર કામે એ હકીકત નિર્વિવાદ છે કે, ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ભોગ બનનારની જન્મ તા.૧૭–૭–૨૦૦૭ હોવાનું જણાવેલ છે. જયારે ભોગ બનનારે પોતાની આંક–૫૪ ની સોગંદ ઉપરની જુબાનીમાં પોતાની ઉંમર બાબતે કોઈ હકીકત જણાવેલી નથી. તેમજ ફરીયાદપક્ષ તરફે ભોગ બનનારની ઉંમર બાબતે કોઈ દસ્તાવેજી આધાર રજુ કરેલ નથી કે તે સંદર્ભે કોઈ સાહેદોને તપાસેલા નથી. ઉપરોકત ચુકાદામાં નામ. સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે અનુસાર તથા ઉપરોકત કાયદાની જોગવાઈ અનુસાર ભોગ બનનારની ઉંમર પુરવાર કરવા માટે (૧) જન્મનું પ્રમાણપત્ર અથવા મેટ્રીકયુલેશન સર્ટીફીકેટ (૨) બર્થ સર્ટીફીકેટ કે જે કોર્પોરેશન, મ્યુનીસીપાલીટી ઓથોરીટી અથવા પંચાયત દવારા આપવામાં આવેલું હોય અને (૩) જો ઉપરોકત બન્ને ઉપલબ્ધ ન હોય તો ઓસીફીકેશન ટેસ્ટ કરી મેડીકલ બોર્ડે ઉંમરની ખરાઈ કરવાની રહેશે. હાથ ઉપરના કેસમાં ભોગ બનનારની ઉંમર પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે તે સંદર્ભે કોઈ સાહેદને તપાસેલા નથી. આમ, ભોગ બનનાર બનાવ વખતે ૧૮ વર્ષથી નીચેની ઉંમરના હતા તે હકીકત

ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદો તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ, જેથી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨ :–</u>**

(૧૧) ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર સદર કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત પુરાવા ઉપરથી બનાવ વખતે ભોગ બનનાર સગીર વયના હતા તે હકીકત પુરવાર થઈ શકેલી નથી. પરંતુ હવે સદર કામે આરોપી ઉપર મુકવામાં આવેલ તહોમતનામું ઘ્યાને લઈએ તો, આરોપીએ ભોગ બનનારને ખોટું સ્યુસાઈડ નોટ લખીને ફસાવી દેવાની ધમકી આપી, ભોગ બનનારને પોતાના ઘરે બોલાવી તેણીની મરજી વિરુઘ્ધ અવારનવાર શરીર સબંધ બાંધી, બળાત્કાર કરી ગુનો કરેલ છે કે કેમ તે સબંધે રજુ થયેલ પુરાવો ઘ્યાને લઈએ તો, સદર કામે ફરીયાદપક્ષ તરફે ૭ સાહેદોની સોગંદ ઉપર જુબાની થયેલ છે અને જુદા–જુદા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદો પૈકી ભોગ બનનાર હોસ્ટાઈલ જાહેર થયેલા છે. જયારે ફરીયાદી, બે પંચ સાહેદો, એક મેડીકલ ઓફીસરશ્રી તથા બે પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન પુરુ પાડેલ છે. તેથી ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા સદરહુ કાયદાની જોગવાઈ ઘ્યાને લેવી જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

***ઈ.પી.કો. કલમ–૩૭૫ બળાત્કાર :–***

*(એ) કોઈ સ્ત્રીના યોનિમાર્ગ, મૂત્રમાર્ગ અથવા ગુદામાં ગમે તેટલા પ્રમાણમાં પોતાના શિશ્નનોપ્રવેશ કરાવે અથવા તે સ્ત્રી પાસે પોતાની સાથે અથવા બીજી કોઈ વ્યકિત સાથે તેવું વર્તન કરાવે અથવા*

*(બી) કોઈ સ્ત્રીના યોનિમાર્ગ, મૂત્રમાર્ગ અથવા ગુદામાં ગમે તેટલા પ્રમાણમાં કોઈ વસ્તુ અથવા શિશ્ન સિવાયનો શરીરનો*

*કોઈ ભાગ દાખલ કરે અથવા તે સ્ત્રી પાસે પોતાની સાથે અથવા બીજી કોઈ વ્યકિત સાથે તેવું વર્તન કરાવે અથવા*

*(સી) કોઈ સ્ત્રીના યોનિમાર્ગ, મૂત્રમાર્ગ અથવા ગુદામાં અથવા શરીરનો કોઈ ભાગમાં લિંગપ્રવેશ કરાવવા માટે તેવી સ્ત્રીના શરીરનો કોઈ ભાગ હાથમાં લે અથવા તે સ્ત્રી પાસે પોતાની સાથે અથવા બીજી કોઈ વ્યકિત સાથે તેવું વર્તન કરાવે અથવા*

*(ડી) કોઈ સ્ત્રીના યોનિમાર્ગ, મૂત્રમાર્ગ અથવા ગુદામાં પોતાનું મોઢું અડાડે અથવા તે સ્ત્રી પાસે પોતાની સાથે અથવા બીજી કોઈ વ્યકિત સાથે તેવું વર્તન કરવે અથવા*
*પહેલો– તેણીની ઈચ્છા વિરુધ્ધ*
*બીજો– તેણીની સંમતિ વિરુધ્ધ*
*ત્રીજો– તેણી અથવા તેણીની જે વ્યકિતમાં રસ હોય તેવી વ્યકિતને મૃત્યુનો અથવા ઈજા પહોંચાડવાનો ભય બતાવીને સંમતિ મેળવવામાં આવી હોય ત્યારે તેણીની સંમતિથી.*
*ચોથો– કોઈ પુરુષ એમ જાણતો હોય કે પોતે તે સ્ત્રીનો પતિ અથી અને તે સ્ત્રીએ પોતે જેની સાથે કાયદેસર રીતે પરણી હોય અથવા પરણી હોવાનું માનતી હોય એવો અન્ય પુરુષ છે એમ માનીને સંમતિ આપી હોય ત્યારે તેણીની સંમતિથી.*

*પાંચમો– મગજની અસ્થિરતાને અથવા નશાને કારણે અથવા તે પુરુષ દવારા જાતે અથવા અન્ય વ્યકિત મારફત બેહોશ બનાવે તેવો અથવા અશુધ્ધ પદાર્થ આપવાને કારણે તેણી જેના માટે સંમતિ આપે છે તેના પ્રકાર અને પરિણામ સમજવાને અશકિતમાન હોય ત્યારે તેણીની સંમતિથી.*
*છઠો– તેણી અઢાર વર્ષથી ઓછી વયની હોય ત્યારે તેણીની સંમતિથી અથવા સંમતિ વિના.*
*સાતમો– જયારે તેણી સંમતિ આપવા અસમર્થ હોય.*

***ઈ.પી.કો. કલમ–૩૭૬(૨)(એન) બળાત્કાર માટે શિક્ષા:–***

*(૨) જે કોઈ*
*(એન) તે જ સ્ત્રી પર વારંવાર બળાત્કાર કર્યો હોય તેને દસ વર્ષોથી ઓછી ન હોય પરંતુ આજીવન કેદ સુધી વધારી શકાય જેનો અર્થ તે વ્યકિતના કુદરતી બાકી જીવન સુધીની કેદ સુધીની સખત કેદની શિક્ષા અને દંડ થશે.*

### ઈ.પી.કો. કલમ–૩૭૬(૩):–

*કોઈપણ વ્યકિત ૧૬ વર્ષથી નીચેની ઉંમરની સ્ત્રી ઉપર બળાત્કાર કરે તેને ૨૦ વર્ષોથી આછી નહી તેવી સખત કેદની સજા તે આજીવન કારાવાસની સજા સુધી વિસ્તારી શકાશે આજીવન કારાવાસનો અર્થ મૃત્યુપર્યંત થશે અને દંડને પાત્ર પણ થશે.*

### ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ એકટ: ૨૦૧૨ ની કલમો:–

### પોક્સો એકટની કલમ–૩ પ્રવેશ જાતીય હુમલો :–

*(અ) તે (પુરુષ) પોતાનું શિશ્નને, બાળકના યોનીમાર્ગમાં, મોઢામાં, મૂત્રમાર્ગમાં અથવા ગુદા/મળદવારમાં, કોઈપણ સીમા સુધી, પ્રવેશ કરાવે અથવા તો બાળકને પોતાની સાથે અથવા અન્ય કોઈ વ્યકિત સાથે આવું કરાવે અથવા*

*(બ) તે કોઈપણ વસ્તુ (સાધન) અથવા શરીરનો કોઈ ભાગ, પ્રાકૃતિક શિશ્ન સીવાય, બાળકના યોનીમાર્ગ, મૂત્રમાર્ગ અથવા ગુદામાં દાખલ કરે અથવા બાળકને પોતાની સાથે અથવા અન્ય કોઈપણ વ્યકિત સાથે આવું કરાવે અથવા*

*(ક) તે બાળકના શરીરના કોઈપણ ભાગને ચાલાકીથી બાળકની યોનીમાર્ગ, મૂત્રમાર્ગ, ગુદા અથવા બાળકના શરીરના કોઈપણ ભાગમાં અંગ–પ્રવેશ કરાવે અથવા બાળકને પોતાની સાથે અથવા અન્ય કોઈપણ વ્યકિત સાથે આવું કરાવે અથવા*
*(ડ) તે બાળકના શિશ્ન, યોનિ, મૂત્રમાર્ગ, ગુદા સાથે પોતાના મોઢાનો ઉપયોગ અથવા બાળકને પોતાની સાથે અન્ય કોઈપણ વ્યકિત સાથે આવું કરાવે.*

### પોક્સો એકટની કલમ–૪ પ્રવેશ જાતીય હુમલા માટેની શિક્ષા:–

*(૧) કોઈપણ પ્રવેશ જાતીય હુમલો કરશે, તેને બન્નેમાંથી કોઈપણ પ્રકારની કારાવાસની શિક્ષા કે જેનો સમયગાળો દસ વર્ષથી ઓછો ન હોય પણ જેને આજીવન કારાવાસ સુધી વિસ્તારી શકાશે, અને તે દંડને પાત્ર પણ થશે.*

*(૨) જો કોઈ ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળક ઉપર જાતીય હુમલો કરે છે તેને એવી મુદત માટે કેદની સજા થશે જે વીસ વર્ષથી ઓછી ન હોય, પરંતુ આજીવન કેદ સુધી લંબાવી શકે છે જેનો અર્થ તે વ્યકિતના બાકીના કુદરતી જીવન માટે કેદ થશે અને દંડ માટે જવાબદાર રહેશે.*

*(૩) પેટા કલમ-૧ હેઠળ લાદવામાં આવેલ દંડ ન્યાયી અને વ્યાજબી રહેશે અને પીડીતાને તબબી ખર્ચ પુનર્વસનને પહોંચી વળવા માટે પીડીતાને ચુકવવામાં આવશે.*

***પોક્સો એક્ટની કલમ-૫ ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો :-***

*પોલીસ અધિકારી હોય,*
*સશસ્ત્ર દળોનો અથવા સુરક્ષા દળોનો સભ્ય હોય,*
*જાહેર નોકર હોય,*
*સરકારી અથવા ખાનગી હોસ્પિટલના સંચાલક અથવા કર્મચારી વર્ગનો હોય,*
*શૈક્ષણિક અથવા ધાર્મિક સંસ્થાનો સંચાલક અથવા કર્મચારી વર્ગનો હોય,*
*કોઈપણ, બાળક ઉપર સામુહીક પ્રવેશ જાતિય હુમલો કરે,*
*બાળકની માનસીક અથવા શારીરીક અસક્ષમતાનો લાભ લઈ,*
*એક થી વધારે વાર અથવા વારંવાર બાળક ઉપર પ્રવેશ જાતિય હુમલો કરે,*
*જે કોઈ વ્યકિત જેલ, રીમાન્ડ હોમ, સંરક્ષણ ગૃહ, અન્વેક્ષણ ગૃહ (ઓબ્ઝર્વેશન હોમ) અથવા જે તે સમયમાં અમલી હોય તેવા કોઈ કાયદાથી અથવા તે હેઠળ અપાયેલ જાપ્તાના અન્ય સ્થળ અથવા કાળજી અને સંભાળ લેવાના સ્થળે સંચાલક અથવા કર્મચારી વર્ગનો સભ્ય હોય.*
*જે કોઈપણ, પ્રવેશ માટે બાળક ઉપર પ્રાણઘાતક હથીયાર, ગોળીબાર, મારવા માટેનું કોઈપણ સાધન અથવા ધાકધમકીના કોઈપણ સાધનના ઉપયોગ કરીને બાળક સાથે પ્રવેશ જાતીય હુમલો કરે.*
*જે કોઈપણ, અંગ પ્રવેશ માટે બાળકને મહાવ્યથા અથવા શારીરીક નુકશાન અથવા ઈજા અથવા બાળકના ગુપ્ત અંગોમાં ઈજા પહોંચી જાતીય હુમલો કરે.*
*બાળકનો સગો-વ્હાલો હોય*
*બાળ સંસ્થા તેનો કોઈ માલિક, અથવા વ્યવસ્થાપક અથવા કર્મચારી-ગણ હોય,*

*ટ્રસ્ટ અથવા સતાધિકારીની રૂએ હોય, સંસ્થામાં અથવા અન્યથા કોઈ જગ્યા*
*બાળક ગર્ભવતી છે, તે જાણવા છતાં તેની ઉપર અંગ પ્રવેશ જાતીય હુમલો કરે*
*બાળક ઉપર પ્રવેશ જાતીય હુમલો કરે, અને તેને મારી નાખવાનો પ્રયત્ન કરે*
*બાળક ઉપર પ્રવેશ જાતિય હુમલો કરે, અને જાહેરમાં નગ્ન અથવા નગ્ન કવાયત કરાવે*
*જાતીય હુમલાનું પરિણામ સ્વરૂપ તેણીનું ગર્ભવતી થાય*
*અથવા અન્ય કોઈપણ જીવનને ભયમાં મુકતા રોગો અથવા એવો ચેપ ફેલાવે.*

***પોક્સો એકટની કલમ–૬ ઉગ્ર પ્રવેશ જાતીય હુમલા માટેની શિક્ષા:–***
*જે કોઈપણ, ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો કરે, તેને વીસ વર્ષ કરતા ઓછી ન હોય તેવી સખત કારાવાસની શિક્ષા કે જેને આજીવન કારાવાસ સુધી વિસ્તારી શકાશે અને આ સાથે દંડને પણ પાત્ર ઠરશે.*

(૧૧.૧) સદર કામે મહત્વના કહી શકાય એવા ફરીયાદી કંચનબેન રમેશનાથ સારસ્વત (બ્રાહમણ) ની ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૩ તરીકે આંક–૪૬ થી સોગંદ ઉપર જુબાની થયેલ છે, તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ અંગેની ફરીયાદ તેઓએ તા.૨–૬–૨૪ ના રોજ આપેલ છે. બનાવ વખતે તેઓ સપનાનગરમાં રહેતા હતા તે વખતે અજય વેલજી કુકુલની બહેન રોશની તેમની ભોગ બનનાર દીકરીને બોલાવવા માટે આવતી હતી અને તેની સાથે તેમના ઘરની પાછળ આવેલ ગાર્ડનમાં રમવા લઈ જતી હતી. તે વખતે આ રોશનીનો ભાઈ અજય ત્યાં આવતો હતો. તેમની ભોગ બનનાર દીકરીની મિત્રતા આ રોશનીએ તેના ભાઈ સાથે કરાવેલી અને વાત આગળ વધેલી. ત્યારબાદ તેમની ભોગ બનનાર દીકરીને અજય તેના ઘરે લઈ જતો હતો અને ત્યાં તે તેમની ભોગ બનનાર દીકરીને ભોળવીને બદકામ કરતો હતો. તે વખતે તેમની દીકરીની ઉંમર નાની

હતી. તેમની ભોગ બનનાર દીકરી સાથે તેણે ઘણા સમય સુધી જોર જબરદસ્તી ચાલુ રાખેલી. તેમની ભોગ બનનાર દીકરી આ આરોપી અજયને જયાં મળતી હતી ત્યાં તેની શારીરીક સબંધ બાંધવા માટે ડરાવતો હતો. જેથી તેમની દીકરીએ તેનાથી સબંધ તોડી નાખેલો. ત્યારબાદ તેમને આ બાબતની જાણ થતા તેના માતાપિતાને જઈને આ વાતની જાણ કરેલી. જેથી તેના માતાપિતાએ કહેલું કે, અમે અમારા દીકરાને સમજાવીશું અને હવેથી તે તમારા ઘર પાસે નહીં આવે. ત્યારબાદ તેઓએ ત્યાંથી તેમનું મકાન ખાલી કરી નાખ્યુ અને તેઓ ડીસી–૫ માં રહેવા આવી ગયેલા. તેમ છતાં આ અજય માનતો ન હતો અને ઘરની પાસે રાત્રે પણ મોટર સાયકલ લઈને આંટા મારતો હતો. તેમની ભોગ બનનાર દીકરી તેને મળવા માંગતી ન હતી. તેમની ભોગ બનનાર દીકરી ઓમ સીને પ્લેક્ષ પાસે આવેલ શબ–વે ફુડ ઝોનમાં ખાવાનું બનાવવાનું શીખતી હતી, ત્યાં પણ આરોપી અજય જતો હતો. ત્યાં જઈ ફોન કરી ભોગ બનનાર તેમની દીકરીને કહેતો હતો કે, બહાર આવ નહી તો હું અંદર આવુ છું. ત્યાંના સ્ટાફના માણસો સાથે અંદર જવા બાબતે ઝઘડો કરેલો અને ત્યાંના એક છોકરા રોહીત સાથે મારપીટ કરેલી, જે બાબતની ફરીયાદ આદીપુર પો.સ્ટે.માં કરવામાં આવેલી. ત્યારબાદ આ રોહીતે તેઓને જણાવેલ કે, આ અજય તેમની ભોગ બનનાર છોકરીને બ્લેકમેઈલ કરે છે અને તેની સાથે લઈ જવા માટે વીડીયો તથા ફોટો બનાવેલા છે અને જો તેમની ભોગ બનનાર દીકરી તેની સાથે ન જાય તો બધાને આ ફોટા અને વીડીયો બતાવી દેવાની ધમકી આપતો હતો. હવે કહે છે કે, તેઓ તથા રોહીત આદીપુર પો.સ્ટે. ફરીયાદ આપવા જતા પોલીસે તેમની ફરીયાદ લીધેલી નહી અને પોલીસવાળાએ તેમને કહેલ કે તમારી દીકરી બદનામ થઈ જશે. તે દીવસ ` પોલીસવાળાએ આરોપીને પકડી લીધેલો અને પોલીસવાળાના કહેવાથી તેઓએ કેસ કરેલો નહી. ત્યારબાદ તેઓએ પોલીસવાળાને કહેલું તો

પોલીસવાળાએ આરોપીના મોબાઈલમાંથી તેમની ભોગ બનનાર દીકરીના ફોટો તથા વીડીયો ડીલીટ કરાવેલા. ત્યારબાદ થોડો સમય બધુ શાંતીથી ચાલેલું. ત્યારબાદ થોડાક સમય પછી તેણે આવા કૃત્ય શરૂ કરી દીધેલા. તેમને તથા તેમની ભોગ બનનાર દીકરીને અવારનવાર ફોન કરતો અને આત્મહત્યા કરી લેવાની ધમકી આપતો હતો અને તેઓને ફસાવી દેવાનું કહેતો હતો. આ અજય રાત્રે તેમના ઘર પાસેથી પસાર થતો હતો અને તેમના ઘર પર પથ્થર મારતો હતો અને મોટર સાયકલ લઈને રાત્રીના મોટા મોટા અવાજે હોર્ન મારતો હતો અને તેના કારણે તેમના પાડોશીઓ પણ હેરાન થઈ ગયેલા હતા. ત્યારબાદ તેઓએ તેના માતાપિતાને ફોન કરેલો અને બનાવની જાણ કરેલી. જેથી તેમણે કહેલું કે છોકરો તેમના કહયામાં નથી જેથી તેઓએ આરોપી વિરુધ્ધ ગાંધીધામ ''બી'' ડીવી. પો.સ્ટે.માં બનાવ સબંધે ફરીયાદ કરેલી. તેઓ આંક–૪૭ થી રજુ થયેલ ફરીયાદમાં તેઓની સહી હોવાનું ઓળખી બતાવે છે. તેઓ આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

સદર સાહેદે આરોપી તરફેની પોતાની ઉલટતપાસમાં જણાવેલ છે કે, તેઓ ગાંધીધામમાં છેલ્લા વીસ પચ્ચીસ વર્ષથી રહે છે. તેઓ ફરીયાદ આપવા માટે તેમના પરીવારના સભ્યો સાથે જતા હતા. વધુમાં સ્વીકારેલ છે કે, પોલીસે તૈયાર ફરીયાદમાં તેમની સહી લઈ લીધેલી. વધુમાં સ્વીકારેલ છે કે, ફરીયાદમાં શું લખેલ હતું તેની તેમને ખબર નથી. વધુમાં સ્વીકારેલ છે કે, તેઓએ પો.સ્ટે.માં મોબાઈલ કોઈ વીડીયો જોયેલ નથી કે તેમની હાજરીમાં કોઈ વીડીયો ડીલીટ કરેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે, ઓમ સીનેપ્લેક્ષની બાજુમાં આવેલ ફુડ ઝોનમાં કયારેય જાતે ગયેલા નથી કે ત્યાં કોઈ કામ કરનાર ઈસમ સાથે તેઓએ વાતચીત કરેલી નથી. વધુમાં સ્વીકારેલ છે કે, તેમની રોહીતભાઈ સાથે બનાવ સબંધે કોઈ વાતચીત થયેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે,

તેઓએ આરોપીને તેમની ભોગ બનનાર દીકરીને તેના ઘરે લઈ જતા કે બગીચામાં નજરે જોયેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે, તેઓએ આરોપીના માતાપિતા સાથે કયારેય ડાયરેકટ કોઈ વાત કરેલી નથી. વધુમાં સ્વીકારેલ છે કે, તેમને આરોપી સાથે કયારેય ડાયરેકટ કોઈ વાત કરેલી નથી. વધુમાં સ્વીકારેલ છે કે, આરોપી તેમના ઘરની આજુબાજુ ચકકર મારતો અને પથ્થર ફેંકતો હોય એવું તેઓએ નજરે જોયેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે, આ કામે તેમની દીકરીના કપડા રજુ કરેલા તે અંગેના પંચનામામાં તેમની રુબરુની સહી થયેલી નથી. વધુમાં સ્વીકારેલ છે કે, તેમની હાજરીમાં આરોપી તથા ભોગ બનનારને મોબાઈલ ઉપર વાત કરતા જોયેલા નથી કે આત્મહત્યા કરવાની ધમકી આરોપીએ આપેલી નથી. વધુમાં સ્વીકારેલ છે કે, આ કામના આરોપી તેમની ભોગ બનનાર દીકરી સાથે કોઈ જોર જબરદસ્તી કરેલ હોય તેવું બનેલ નથી.

સદર સાહેદની સોગંદ ઉપરની જુબાનીનું હવે પછી આગળ પુરાવાકીય મુલ્યાંકન કરેલ છે.

(૧૧.૨) ફરીયાદપક્ષ તરફે ભોગ બનનારની આંક–૫૪ થી સોગંદ ઉપર જુબાની થયેલ છે, તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી એક વર્ષ પહેલા બેનલો. બનાવમાં તેઓ અને તેમનો ભાઈ તેમના ઘરની બાજુમાં આવેલ બગીચામાં ફરવા ગયેલ ત્યારે આરોપી સાથે તેમના ભાઈને સામાન્ય બોલાચાલી થયેલ અને તેઓએ તે બાબતે તેમની માતાને કહતા તેમની માતાએ આરોપી અજય વિરુઘ્ધ પોલીસમાં ફરીયાદ નોંધાવેલ. એવું બનેલ નથી કે આ અજય તેમને ફોન કરતો હોય કે તેમને અવાર–નવાર લગ્ન કરવાના પ્રપોઝલ આપતો હોય કે બળજબરીથી તેમની મરજી વિરુઘ્ધ શરીર સબંઘ બાંઘેલ હોય કે તેમને સુસાઈડ નોટ લખીને મરી જઈશ એવી ધમકીઓ આપેલ કોય કે તેમની સાથે બદકામ કરવાના ઈરાદાથી અવારનવાર તેમના ઘરે આવીને હેરાન

પરેશાન કરતો હોય. તેઓ આંક–૫૫ થી રજુ થયેલ સી.આર.પી.સી. કલમ–૧૬૪ ના નીવેદનમાં તેઓની સહી હોવાનું ઓળખી બતાવે છે. સદર સાહેદને ફરીયાદપક્ષ તરફે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલા છે, અને ત્યારબાદ લંબાણ પૂર્વકની ઉલટ તપાસમાં પણ આંક–૪૭ ની ફરીયાદને સમર્થનકારી કોઈ પુરાવો કોર્ટ રૂબરૂ પુરો પાડેલો નથી.

સદર સાહેદે આરોપી તરફેની પોતાની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, પોલીસે ફકત તેમનું નામ સરનામું પુછેલ તે સીવાય પોલીસે તેમની કોઈ પુછપરછ કરેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે, આ કામના આરોપીને તેમના ભાઈથી બોલાચાલી થયેલી તે અંગે તેમના ભાઈએ અને તેઓએ તેમની માતા સાથે વાત કરેલી. વધુમાં સ્વીકારેલ છે કે, આ કામના આરોપી તેમની સાથે કયારે જબરદસ્તીથી શારીરીક સબંધ બાંધેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે, આ કામના આરોપીએ તેમને કયારેય ફોન કરી આત્મહત્યા કરવા અંગેની અને લગ્ન કરવા અંગેનો પ્રપોઝલ આપેલો નથી. વધુમાં સ્વીકારેલ છે કે, આ કામના આરોપીએ કયારેય સુસાઈડ નોટ આપેલી નથી. વધુમાં સ્વીકારેલ છે કે, આંક–૬૦ માં તેઓએ માત્ર સહી કરેલી તેમાં શું લખેલ તેની તેમને કાંઈ ખબર નથી. વધુમાં સ્વીાકરેલ છે કે, તેમનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નીવેદન તેમની માતાના કહેવાથી લખાવેલ. વધુમાં સ્વીકારેલ છે કે, ડી.વી.ડી.માં શું છે તે અંગે તેમને કોઈ જાતમાહીતી નથી. વધુમાં સ્વીકારેલ છે કે, આરોપી તેમને ધાકધમકી આપેલી નથી.

સદર સાહેદની સોગંદ ઉપરની જુબાનીનું હવે પછી આગળ પુરાવાકીય મુલ્યાંકન કરેલ છે.

(૧૧.૩) ફરિયાદપક્ષ તર્ફે આંક–૨૨ થી પંચ સાહેદ નરેન્દ્ર શંકરલાલ ચંદેની સોગંદ ઉપર જુબાની થયેલ છે. સદર પંચ સાહેદ આંક–૨૩ ના બનાવવાળી

જગ્યાના પંચનામાના, આંક–૨૪ ના ભોગ બનનારના કપડા કબજે કર્યાના પંચનામાના તથા આંક–૨૫ ના આરોપીના અટક તથા કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૨૩,૨૪ અને ૨૫ ના પંચનામાને સમર્થન પુરુ પાડેલ છે અને પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ જયારે ભોગ બનનાર પોતાના પુરાવામાં બનાવની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ન હોય અને તેઓને ફરીયાદપક્ષ તર્ફે ફરી ગયેલા જાહેર કરેલા હોઈ, ત્યારે સદર પંચ સાહેદના પુરાવા અને પંચનામા ઉપર આધાર રાખી આરોપીને દોષીત ઠેરવી શકાય નહી. જેથી સદર પંચ સાહેદની સોગંદ ઉપરની જુબાની તથા આંક–૨૩,૨૪ અને ૨૫ ના પંચનામા આરોપી સામેનો કેસ પુરવાર કરવા ફરીયાદપક્ષને મદદરૂપ નિવડે તેમ નથી.

(૧૧.૪) ફરિયાદપક્ષ તર્ફે આંક–૩૫ થી પંચ સાહેદ તીર્થ દીનેશકુમાર અંતાણીની સોગંદ ઉપર જુબાની થયેલ છે. સદર પંચ સાહેદ આંક–૩૭ ના ભોગ બનનાર અને આરોપીના મેડીકલ સેમ્પલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૩૭ ના પંચનામાને સમર્થન પુરુ પાડેલ છે અને પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ જયારે ભોગ બનનાર પોતાના પુરાવામાં બનાવની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ન હોય અને તેઓને ફરીયાદપક્ષ તર્ફે ફરી ગયેલા જાહેર કરેલા હોઈ, ત્યારે સદર પંચ સાહેદના પુરાવા અને પંચનામા ઉપર આધાર રાખી આરોપીને દોષીત ઠેરવી શકાય નહી. જેથી સદર પંચ સાહેદની સોગંદ ઉપરની જુબાની તથા આંક–૩૭ નું પંચનામું આરોપી સામેનો કેસ પુરવાર કરવા ફરીયાદપક્ષને મદદરૂપ નિવડે તેમ નથી.

(૧૧.૫) ફરીયાદપક્ષ તરફે આંક–૬૫ થી ભોગ બનનારની મેડીકલ તપાસણી કરનાર ડોકટર મોનીકા અર્જુનભાઈ વાઘેલાની સોગંદ ઉપર જુબાની

થયેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, બનાવના અરસામાં તા.૩–૬–૨૪ ના રોજ તેઓ ભુજ જી.કે.જનરલ હોસ્પિટલમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા તે વખતે ગાંધીધામ ''બી'' ડીવી. પો.સ્ટે. ભાગ એ ગુ.ર.નં.૦૬૫૭/૨૪ ના કામે ભોગ બનનારનું મેડીકલ તપાસણી કરવા હેતુ રામબાગ હોસ્પિટલ દવારા તેમની તરફ રીફર કરવામાં આવેલ. જે ભોગ બનનારની શારીરીક તપાસણી બાબતે યુ.ટી.પી. ટેસ્ટ, સોનોગ્રાફી, સાયટેટ્રીક રેફરન્સ કરેલ જેઓને તા.૪–૬–૨૪ ના ડીસ્ચાર્જ આપેલ. તેઓ આંક–૬૬ થી રજુ થયેલ ડીસ્ચાર્જ સમરી જેમાં ભોગ બનનારની શારીરીક તપાસણી કરી રીપોર્ટની વિગતો તેમના હસ્તાક્ષરોમાં ભરવામાં આવેલ જેમાં ભોગ બનનારની માતાની સહી તથા ભોગ બનનારને લઈ આવેલ પો.કો. ની વીટનેસ તરીકે સહી લેવામાં આવેલ તથા તેમની શારીરીક તપાસણી કરી રીપોર્ટ આપનાર તરીકે તેઓની સહી અને હોદાનો શીલ હોવાનું ઓળખી બતાવે છે.

સદર સાહેદએ પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આ ભોગ બનનારની ઉંમર પોલીસ યાદી પ્રમાણે લખેલી છે, પરંતુ તેઓએ તેની મેડીકલ ઓસીફીકેશન ટેસ્ટ કરેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે, ભોગ બનનાર અને તેના માતાની ઓળખ અંગેનો કોઈ આધાર તેઓએ જોયેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે, આંક–૬૨ માં ભોગ બનનારના અંગુઠાની શાખ કરવા સબંધે ઓળખ કરવા અંગે કોઈ સહી કરેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે, હાયમન તુટવાના ઘણાબધા કારણો હોઈ શકે. વધુમાં સ્વીકારેલ છે કે, ભોગ બનનારની શારીરીક તપાસણી કરતી વખતે તેની સાથે કોઈ જબરદસ્તી થયેલાના ચિન્હો જણાઈ આવેલ નથી. વધુમાં સ્વીકારેલ છે કે, આ કામે તેઓએ કોઈ સેમ્પલ કલેકટ કરેલા નથી.

સદર સાહેદની સોગંદ ઉપરની જુબાનીનું હવે પછી આગળ પુરાવાકીય મુલ્યાંકન કરેલ છે.

(૧૧.૬) ફરીયાદપક્ષ તરફે આંક–૭૩ થી તપાસ કરનાર અમલદાર મોહનભાઈ દેવશીભાઈ ચૌધરીની સોગંદપર જુબાની થયેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, સદર ગુનાની તપાસ મળતા લાગતા વળગતા સાહેદોના નીવેદન લીધેલા, તેમજ બનાવવાળી જગ્યાનું પંચનામું, ભોગ બનનારના કપડા કબજે કર્યાનું પંચનામું, આરોપીની અટક તથા કપડા કબજે કર્યાનું પંચનામું કરેલ, ભોગ બનનાર અને આરોપીની મેડીકલ તપાસણી કરાવેલ, ત્યારબાદ તેઓની બદલી ગાંધીધામ ''બી'' ડીવી. પો.સ્ટે. ખાતે થતા આગળની તપાસ તથા તપાસના કાગળો પો.ઈ. એસ.વી.ગોજીયા નાઓને સોંપી આપેલ.

આમ, સદર સાહેદની સોગંદપરની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો સદર સાહેદે પોતાની હોદાની રુએ કાર્યવાહી કરેલ છે.

(૧૨) આમ, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત બન્ને સાહેદો ફરીયાદી કંચનબેન રમેશનાથ સારસ્વત (બ્રાહમણ) ની આંક–૪૬ તથા ભોગ બનનારની આંક–૫૪ ની સોગંદ ઉપરની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો, ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપીએ ભોગ બનનારને આરોપીએ ભોગ બનનારને ખોટું સ્યુસાઈડ નોટ લખીને ફસાવી દેવાની ધમકી આપી, ભોગ બનનારને પોતાના ઘરે બોલાવી તેણીની મરજી વિરુધ્ધ અવારનવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરેલ. આ સબંધે ફરીયાદપક્ષ તરફે બન્ને મહત્વના સાહેદોનો પુરાવો ધ્યાને લઈએ તો, ફરીયાદી કંચનબેન રમેશનાથ સારસ્વત (બ્રાહમણ) આંક–૪૬ ની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ વખતે તેઓ સપનાનગરમાં રહેતા હતા ત્યારે અજય વેલજી કુફલની બહેન રોશની ભોગ બનનારને બોલાવવા માટે આવતી હતી અને તેની સાથે તેમના ઘરની પાછળ આવેલ ગાર્ડનમાં રમવા જતી હતી

અને ત્યાં રોશનીનો ભાઈ અજય પણ આવતો હતો અને તેની સાથે રોશનીએ ભોગ બનનારની મિત્રતા કરાવેલી. ત્યારબાદ તેમની ભોગ બનનાર દીકરીને અજય તેના ઘરે લઈ જતો અને તેમની ભોગ બનનાર દીકરીને ભોળવીને બદકામ કરતો હતો અને ભોગ બનનારને શારીરીક સબંધ બાંધવા માટે ડરાવતો હતો જેથી ભોગ બનનારે તેની સાથે સબંધ તોડી નાખેલ. જે બાબતની જાણ ફરીયાદીને થતા આરોપીના માતાપિતાને જાણ કરેલી. ત્યારબાદ તેઓ ડીસી–૫ માં રહેવા આવેલા ત્યાં અજય તેમના ઘરની પાસે રાત્રે પણ મોટર સાયકલ લઈને આંટા મારતો હતો. ભોગ બનનાર દીકરી ઓમ સીને પ્લેક્ષ પાસે આવેલ શબ–વે ફુડ ઝોનમાં ખાવાનું બનાવવાનું શીખતી હતી ત્યાં પણ આરોપી અજય જતો અને ભોગ બનનારને ફોન કરી બહાર આવવાનું કહેતો અને ત્યાંના સ્ટાફ સાથે અંદર જવા બાબતે ઝઘડો કરતો અને ત્યાં એક છોકરા રોહીત સાથે મારપીટ કરેલી, જે બાબતની ફરીયાદ આદીપુર પો.સ્ટે.માં કરવામાં આવેલી અને રોહીતે ફરીયાદીને અજય ભોગ બનનારને બ્લેકમેઈલ કરે છે અને તેની સાથે લઈ જવા માટે વીડીયો તથા ફોટો બનાવેલા છે અને જો ભોગ બનનાર તેની સાથે નહીં જાય તો બધાને આ ફોટા અને વીડીયો બતાવી દેવાની ધમકી આપતો હોવાની જાણ કરેલી અને તે વખતે પોલીસે આરોપીના મોબાઈલમાંથી ભોગ બનનારના ફોટા અને વીડીયો ડીલીટ કરાવેલા. ત્યારબાદ આરોપી ફરીયાદીને તથા ભોગ બનનારને અવારનવાર ફોન કરતો અને આત્મહત્યા કરી લેવાની ધમકી આપતો હતો અને તેઓને ફસાવી દેવાનું કહેતો હતો. અજય રાત્રે ફરીયાદીના ઘર પાસેથી પસાર થતો હતો અને તેમના ઘર પર પથ્થર મારતો હતો અને મોટર સાયકલ લઈને રાત્રીના મોટા મોટા અવાજે હોર્ન મારતો હતો, જે બાબતે આરોપીના માતાપિતાને જાણ કરતા, તેઓએ આરોપી તેમના કહ્યામાં ન હોવાનું જણાવતા આરોપી વિરુધ્ધ ફરીયાદ કરેલી.

જયારે ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, પોલીસે તૈયાર ફરીયાદમાં તેમની સહી લઈ લીધેલી. તેમજ ફરીયાદમાં શું લખેલ હતું તેની તેમને ખબર નથી. તેમજ તેઓએ પો.સ્ટે.માં મોબાઈલ કોઈ વીડીયો જોયેલ નથી કે તેમની હાજરીમાં કોઈ વીડીયો ડીલીટ કરેલ નથી. તેમજ ઓમ સીનેપ્લેક્ષની બાજુમાં આવેલ ફુડ ઝોનમાં કયારેય જાતે ગયેલા નથી કે ત્યાં કોઈ કામ કરનાર ઈસમ સાથે તેઓએ વાતચીત કરેલી નથી. તેમજ તેમની રોહીતભાઈ સાથે બનાવ સબંધે કોઈ વાતચીત થયેલ નથી. તેમજ તેઓએ આરોપીને તેમની ભોગ બનનાર દીકરીને તેના ઘરે લઈ જતા કે બગીચામાં નજરે જોયેલ નથી. તેમજ આરોપી તેમના ઘરની આજુબાજુ ચકકર મારતો અને પથ્થર ફેંકતો હોય એવું તેઓએ નજરે જોયેલ નથી. તેમજ તેમની હાજરીમાં આરોપી તથા ભોગ બનનારને મોબાઈલ ઉપર વાત કરતા જોયેલા નથી કે આત્મહત્યા કરવાની ધમકી આરોપીએ આપેલી નથી. તેમજ આરોપી તેમની ભોગ બનનાર દીકરી સાથે કોઈ જોર જબરદસ્તી કરેલ હોય તેવું બનેલ નથી.

(૧૨.૧) હવે, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ભોગ બનનારની આંક–૫૪ ની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લઈએ તો, ભોગ બનનાર અને તેમનો ભાઈ તેમના ઘરની બાજુમાં આવેલ બગીચામાં ફરવા ગયેલ ત્યારે આરોપી સાથે તેમના ભાઈને સામાન્ય બોલાચાલી થયેલ અને તેઓએ તે બાબતે તેમની માતાને કહતા તેમની માતાએ આરોપી અજય વિરુધ્ધ પોલીસમાં ફરીયાદ નોંધાવેલ હોવાનું જણાવેલ છે કે, વધુમાં ભોગ બનનારે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં અજય તેમને ફોન કરતો હોય કે તેમને અવાર–નવાર લગ્ન કરવાના પ્રપોઝલ આપતો હોય કે બળજબરીથી તેમની મરજી વિરુધ્ધ શરીર સબંધ બાંધેલ હોય કે તેમને સુસાઈડ નોટ લખીને મરી જઈશ એવી ધમકીઓ આપેલ કોય કે તેમની સાથે બદકામ કરવાના ઈરાદાથી અવારનવાર તેમના ઘરે આવીને હેરાન પરેશાન કરતો હોય તેવું બનેલ ન હોવાનું જણાવેલ છે. આ

સીવાય આરોપી વિરુધ્ધ સોગંદ ઉપરની જુબાનીમાં લેશમાત્ર લેશમાત્ર હકીકત જણાવેલી નથી. ફરીયાદપક્ષ તરફે ભોગ બનનારને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ લંબાણપુર્વકની ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી લેશમાત્ર હકીકત જણાવેલી નથી.

(૧૨.૨) આમ, ભોગ બનનાર જાતે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આ કામના આરોપી ભોગ બનનારને ખોટું સ્યુસાઈડ નોટ લખી ફસાવી દેવાની ધમકી આપી ભોગ બનનારને પોતાના ઘરે બોલાવી તેણીની મરજી વિરુધ્ધ અવારનવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરેલ તે બાબતે લેશમાત્ર હકીકત જણાવતા નથી. એટલું જ નહી, ફરીયાદીની આંક-૪૬ ની સોગંદ ઉપરની જુબાની તથા ભોગ બનનારની આંક-૫૪ ની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ સબંધે મહત્વની વિરોધાભાસી હકીકતો જણાઈ આવે છે. ફરીયાદી હીયરસે સાહેદ છે. ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં તેમની ભોગ બનનાર દીકરીને અજય તેના ઘરે લઈ જતો અને તેમની ભોગ બનનાર દીકરીને ભોળવીને બદકામ કરતો હતો અને ભોગ બનનારને શારીરીક સબંધ બાંધવા માટે ડરાવતો હોવાનું જણાવેલ છે. જયારે ફરીયાદીએ આરોપી તરફેની ઉલટતપાસમાં બનાવને લેશમાત્ર સમર્થન પુરુ પાડેલ નથી. વધુમાં ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આરોપીએ તેમની ભોગ બનનાર દીકરી સાથે કોઈ બળજબરીપુર્વક બળાત્કાર ગુજારેલ નથી કે ભોગ બનનારને કે તેઓને કોઈ હેરાનગતી કરેલી નથી. તેમજ ભોગ બનનાર પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ બાબતે લેશમાત્ર હકીકત જણાવતા નથી અને તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલા છે. આમ, ફરીયાદપક્ષ તરફે આંક-૪૬ થી તપાસવામાં આવેલ ફરીયાદી/ભોગ બનનારના માતા તથા આંક-૫૪ થી તપાસવામાં આવેલ ભોગ બનનારની સોગંદ ઉપરની

જુબાનીમાં બનાવની મહત્વની હકીકત સબંધે મહત્વનો વિરોધાભાસ હોય તેમજ ભોગ બનનાર જાતે જ આરોપી વિરુધ્ધ માનવા લાયક વિશ્વાસપાત્ર હકીકત જણાવતા ન હોય ત્યારે ફરીયાદીની માત્ર સરતપાસ ઉપરથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. ભોગ બનનારે જાતે આરોપી ભોગ બનનારને ખોટું સ્યુસાઈડ નોટ લખી ફસાવી દેવાની ધમકી આપી ભોગ બનનારને પોતાના ઘરે બોલાવી તેણીની મરજી વિરુધ્ધ અવારનવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરેલ હોય તે બાબતે લેશમાત્ર હકીકત જણાવેલી નથી. સદર કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ આંક–૪૬ થી તપાસવામાં આવેલ ફરીયાદી તથા આંક–૫૪ થી તપાસવામાં આવેલ ભોગ બનનારનો પુરાવો ધ્યાને લેતા વિશ્વાસપાત્ર અને માનવાલાયક જણાઈ આવતો નથી. કારણકે ફરીયાદી સરતપાસમાં જણાવેલ હકીકતોથી તદન વિરોધાભાસી હકીકતો ઉલટતપાસમાં જણાવે છે, જયારે ભોગ બનનાર તેની સાથે આરોપીએ કોઈ બળાત્કાર ગુજારેલ હોય કે ધમકી આપી કોઈ શારીરીક સબંધ બાંધેલ હોય તેવી લેશમાત્ર હકીકત સોગંદ ઉપરની જુબાનીમાં જણાવતા નથી. તેમજ સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબના વિ.મેજી.શ્રી રુબરુના નીવેદનને પણ ભોગ બનનાર સમર્થન પુરુ પાડતા નથી. આમ, ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ બન્ને સાહેદોનો પુરાવો આરોપી સામેનો ગુનો પુરવાર કરવામાં મદદરૂપ નીવડે તેમ નથી.

(૧૨.૩) આ તબકકે નામ. સુપ્રીમ કોર્ટના **ગણેશન વિરુધ્ધ સ્ટેટ રીપ્રેઝન્ટેડ બાય ઈટસ ઈન્સ્પેકટર ઓફ પોલીસ ૨૦૨૦ (૦) એ.આઈ.જે.ઈ.એલ. એસસી પાના નં.૬૬૬૧૪** ના ચુકાદામાં નામ. સુપ્રીમ કોર્ટે પેરા–૯ માં ઠરાવ્યા મુજબ '' આ કેસમાં, અપીલકર્તા/આરોપીને પોકસો

કાયદાની કલમ–૮ હેઠળ સજાને પાત્ર ગુના માટે વિ.ટ્રાયલ કોર્ટ દવારા દોષીત ઠરાવવામાં આવેલ છે. વિ.ટ્રાયલ કોર્ટ દવારા આપવામાં આવેલ સદર ચુકાદા તેમજ રજુ થયેલ પુરાવાનો અભ્યાસ કર્યા બાદ, ખાસ કરીને ભોગ બનનારના પિતા ફરીયાદપક્ષ તરફેના સાહેદ નં.૧, ભોગ બનનારની માતા ફરીયાદપક્ષ તરફેના સાહેદ નં.ર અને ભોગ બનનાર પોતે ફરીયાદપક્ષ તરફેના સાહેદ નં.૩ નાઓની જુબાની નોંધેલી છે. એ હકીકત છે કે, ભોગ બનનારની માતા ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.ર હોસ્ટાઈલ જાહેર થયેલા છે. જો કે, ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૩ ભોગ બનનાર ફરીયાદપક્ષના કેસને સંપુર્ણપણે સમર્થન આપે છે. તેણીએ બનાવ કેવી રીતે બન્યો તે વિગતવાર જણાવેલ છે. તેણીની સંપુર્ણપણે ઉલટતપાસમાં કરવામાં આવેલ છે. ભોગ બનનારની જુબાની ઉપર આધાર ન રાખવાનું કોઈ યોગ્ય કારણ જણાતું નથી. જુબાની સમયે ભોગ બનનારની ઉંમર ૧૫ વર્ષ અને પરીપકવ છે, જે વિશ્ર્વસનીય અને માનવા લાયક છે. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ ભોગ બનનારની એકમાત્ર જુબાનીના આધારે પણ આરોપીને દોષીત ઠેરવી શકાય છે.

(૧૨.૪) હાથ ઉપરના કેસમાં ભોગ બનનારે આરોપી વિરુધ્ધ લેશમાત્ર હકીકત જણાવેલી ન હોય ફરીયાદીની જુબાની ઉપરથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૧૨.૫) હવે ફરીયાદપક્ષ તરફે રજુ આંક–૯ર થી રજુ એફ.એસ.એલ. રાજકોટનો પરીક્ષણ અહેવાલ ધ્યાને લેતા, આરોપી અને ભોગ બનનારના કપડા તેમજ મેડીકલ સેમ્પલો એફ.એલ.એલ. માં મોકલાવેલાનો ફરીયાદપક્ષનો કેસ છે તે રીપોર્ટમાં આરોપી અને ભોગ બનનારના કપડા તેમજ સેમ્પલોનું પરીક્ષણ કરવામાં આવેલ હોવાનું જણાઈ

આવે છે અને તે રીપોર્ટ જોઈએ તો, આરોપીના કપડા ઉપર રુધીર, લાળ, વાળ કે વીર્યની હાજરી મળી આવેલ નથી. જયારે ભોગ બનનારના પેન્ટ નમુના–એ/૨ ઉપર વીર્યની હાજરી મળી આવેલ હતી જેનું વીર્યનું જુથ ''અનિર્ણિત'' દર્શાવેલ છે અને ભોગ બનનારના રુધીરનું જુથ ''અનિર્ણિત'' દર્શાવેલ છે. ભોગ બનનાર કપડા કબજે કર્યાના પંચનામા અને આરોપીના અટક તથા કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદને ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૧ તરીકે તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૨૪ અને ૨૫ ના પંચનામાને સમર્થન પુરુ પાડેલ છે અને પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ જયારે ભોગ બનનાર પોતાના પુરાવામાં બનાવની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ન હોય અને તેઓને ફરીયાદપક્ષ તર્ફે ફરી ગયેલા જાહેર કરેલા હોઈ, ત્યારે સદર પંચ સાહેદના પુરાવા અને પંચનામા ઉપર આધાર રાખી આરોપીને દોષીત ઠેરવી શકાય નહી. આરોપી અને ભોગ બનનારના મેડીકલ સેમ્પલો એફ.એલ.એલ. માં મોકલાવેલાનો ફરીયાદપક્ષનો કેસ છે તે રીપોર્ટમાં આરોપી અને ભોગ બનનારના સેમ્પલોનું પરીક્ષણ કરવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે અને તે રીપોર્ટ જોઈએ તો ભોગ બનનારના શરીર ઉપરથી લેવામાં આવેલ નમુનાઓમાં વજાયનલ સ્વોબમાં વીર્યની હાજરી મળી આવેલ છે અને તેમાં વીર્યનું જુથ ''અનિર્ણિત'' દર્શાવેલ છે અને ભોગ બનનારના રુધીરનું જુથ પણ ''અનિર્ણિત'' દર્શાવેલ છે. જયારે આરોપીના વીર્યનું જુથ પણ ''અનિર્ણિત'' દર્શાવેલ છે. આરોપીના રુધીરનું જુથ ''બી'' દર્શાવેલ છે. વધુમાં ભોગ બનનાર અને આરોપીના શરીર ઉપરથી લેવામાં આવેલ સેમ્પલો સંદર્ભેના પંચને ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૨ તરીકે તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૩૭ ના

પંચનામાને સમર્થન પુરુ પાડેલ છે અને પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ જયારે ભોગ બનનાર પોતાના પુરાવામાં બનાવની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ન હોય અને તેઓને ફરીયાદપક્ષ તર્ફે ફરી ગયેલા જાહેર કરેલા હોઈ, ત્યારે સદર પંચ સાહેદના પુરાવા અને પંચનામા ઉપર આધાર રાખી આરોપીને દોષીત ઠેરવી શકાય નહી. વધુમાં ભોગ બનનાર સાથે આરોપીએ બળજબરીપુર્વક શારીરીક સંબંધ બાંધેલ કે કેમ તે ફરીયાદી,ભોગ બનનાર કે ડોકટર સાહેદોના પુરાવા પરથી પુરવાર થતી નથી. ફરીયાદપક્ષ તરફે આરોપી અને ભોગ બનનારની મેડીકલ તપાસણી કરી સેમ્પલો લેનાર ડોકટરશ્રીને સાહેદ તરીકે તપાસેલા નથી. ફરીયાદપક્ષ તરફે ભોગ બનનાર અને આરોપીના મેડીકલ સર્ટીફીકટ અનુક્રમે આંક-૭૮ અને આંક-૮૩ થી રજુ થયેલ છે જે ઘ્યાને લેવામાં આવે તો, આરોપીએ ભોગ બનનાર સાથે બળજબરીથી શારીરીક સંબંધ બાંધેલ હોય તેવા કોઈ ચિહનો જણાઈ આવેલા નથી. ભોગ બનનારની જુબાની જોઈએ તો તેઓએ તેમની જુબાનીમાં આરોપીએ તેની સાથે અવારનવાર શારીરીક સબંધ બાંધેલ હોય તે બાબતે લેશમાત્ર હકીકત જણાવેલી નથી. વધુમાં ભોગ બનનારે તેમની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે, આ કામના આરોપી તેમની સાથે કયારે જબરદસ્તીથી શારીરીક સબંધ બાંધેલ નથી. આમ, ભોગ બનનારના પુરાવા ઉપર આધાર રાખીએ તો ભોગ બનનાર સાથે આરોપીએ બળજબરીપુર્વક બદકામ કરેલાનું જણાઈ આવતું નથી. જેથી, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ આંક-૯૨ નો એફ.એસ.એલ. પરીક્ષણ અહેવાલ આરોપી સામેનો ગુનો પુરવાર કરવામાં મદદરૂપ નીવડે તેમ નથી. આમ, ઉપરોકત તમામ પુરાવાના આધારે આરોપી વિરુઘ્ધ ઈ.પી.કો. કલમ-૩૭૬(૨)(એન),૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ-૪,૬ મુજબનો

ગુનો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ હોઈ, મુદા નં.ર નો જવાબ નકારમાં ઠરાવું છું.

(૧૩) ક્રિમીનલ જયુરિસ્પુડન્સના સિધ્ધાંત અન્વયે જયારે કોઈપણ આરોપી ઉપર આક્ષેપ કરવામાં આવ્યો હોય અને તહોમતનામું ફરમાવવામાં આવ્યું હોય ત્યારે તે અંગેનો આક્ષેપ અને તહોમતનામું નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષ ઉપર રહેલી છે. પરંતુ આ કામે રજુ થયેલ તમામ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓનું પુરાવાકીય મુલ્યાંકન કરતા બનાવ સમયે ભોગ બનનારની ઉંમર સગીર વયની હોવાનુ તેમજ આરોપીએ ભોગ બનનારને ખોટું સ્યુસાઈડ નોટ લખી ફસાવી દેવાની ધમકી આપી ભોગ બનનારને પોતાના ઘરે બોલાવી તેણીની મરજી વિરુધ્ધ અવારનવાર શરીર સબંધ બાંધી બળાત્કાર કરેલ હોય તે સબંધે ફરીયાદપક્ષ તરફથી આ કામના આરોપીને સીધીરીતે સદર ગુનામાં સાંકળતો પુરાવો રજુ કરવામાં નિષ્ફળ નીવડેલ છે. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોની જુબાની ઉપરથી એવો કોઈ માનવા લાયક આધારભુત પુરાવો રજુ રાખેલ નથી કે, આ કામના આરોપીએ તા.૧-૧૨-૨૨ ના રોજ કલાક ૦૦.૦૦ થી તા.૨-૩-૨૪ ના રોજ કલાક ૦૦.૦૦ વાગ્યાના સમયગાળા સુધીમાં આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ઉ.વ.૧૬ વર્ષ ૧૦ માસ વાળીને શરીર સબંધ બાંધવા નહીં દે તો તમારા નામનું ખોટું સ્યુસાઈડ નોટ લખીને તમને ફસાવી દઈશ તેવી ધમકી આપી, ભોગ બનનારને પોતાના ઘરે બોલાવી તેણીની મરજી વિરુધ્ધ અવારનવાર શરીર સબંધ બાંધી, બળાત્કાર કરેલ હોય. આમ, ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત તમામ પુરાવો ધ્યાને લેતા, આરોપી સામેના આક્ષેપો તેમજ તહોમતનામું ફરીયાદપક્ષ દવારા માનવાલાયક આધારભુત પુરાવાને આધારે નિષ્ફળ નીવડેલ છે. આવા સંજોગોમાં મુદ્દા નં.૩ સબંધે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

**(૧)** આ કામના આરોપી અજય ઉર્ફે વીર વેલજીભાઈ કુફલ (મહેશ્વરી), રહે. જગજીવન નગર, (રામદેવ નગર), મ.નં.૪૮, ગાંધીધામ નાઓને ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સહિતાની કલમ–૩૭૬(૨)(એન),૩૭૬(૩) તથા પોકસો એકટની કલમ–૪,૬ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** અપીલ સમય વિત્યેથી મુદ્દામાલ પાવતીમાં જણાવેલ તમામ બિનકિંમતી મુદામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આંક ન પડયા હોય, તેવા પોલીસ પેપર્સ, સંબંધિત પોલીસ સ્ટેશન સમક્ષ ક્રિમિનલ મેન્યુલ પેરા ૩૪૯(૧) મુજબ પરત આપવા હુકમ કરવામાં આવે છે.

**(૪)** આરોપીએ ફોજદારી કાર્યવાહી સંહિતા ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) અન્વયે રૂા.૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર) ના જાત જામીન તથા તેટલીજ રકમના સધ્ધર જામીન અપીલ પીરીયડ સુધીના આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૪મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ગાંધીધામ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : ગાંધીધામ–કચ્છ.
તા.૨૪/૦૩/૨૦૨૬

(એ.એમ.મેમન)
સ્પે. જજ અને ચોથા એડિશનલ સેશન્સ જજ,
ગાંધીધામ–કચ્છ.
(જજ કોડ નં.જીજે૦૦૬૭૪)